ભયજનક આવાસોનો તાગ મેળવવા સર્વે હાથ ધરાશે

ગાંધીનગર સમાચાર

# બજેટ બેઠકમાં શાસક પક્ષની નિષ્ફળતાઓ અમે છતી કરીશું : શૈલેન્દ્રસિંહ બિહોલા

## આજે મનપાની બજેટ બેઠક; કર ભારણ વિનાનું બજેટ સર્વાનુમતે પસાર કરાવવા વિપક્ષ પર દબાણ લવાશે : ભાજપ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રને પસાર કરવા માટે સામાન્ય સભા મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળશે.

આજે મળનારી સામાન્ય સભામાં બજેટને લઈ જ ચર્ચા કરવાની આવનારી હોવાથી વિપક્ષ કોંગ્રેસે પણ જોરદાર તૈયારીઓ કરી છે. વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતુ કે અમે આ બેઠકમાં પ્રજાહિતના કયા કામો અને નિર્ણયો લેવામાં સત્તાધારી પક્ષ નિષ્ફળ નિવડ્યો છે તેની વિગતો સાથે રજુઆતો કરી તંત્રની નિષ્ફળતાઓને છતી કરીશુ. બિહોલાએ જણાવ્યુ છે કે બજેટ પરની જ ચર્ચામાં જ અમને રસ છે તેઓ રાજકીય અવલોકનોથી પર રહેશે પણ સત્તાધીશોની અણ આવડત છતી કરવાની અમારી તક અમે જતી કરવાના મૂડમાં નથી.

ગ્રામ્ય વિસ્તાર માટે વિકાસના કામો અંગે ગ્રાન્ટ વધુ ફાળવવા, શહેરી ગરીબ વિસ્તારો માટે અલાયદુ જાહેરનામુ પ્રગટ કરી અને તે માટેની જે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ઉગ્ર રજુઆતો કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. સેવાઓના સઘનીકરણની વાતને લઈ પણ વિપક્ષ સત્તાધારી પક્ષને ભીડવવા માટે તૈયાર હોવાનું વિપક્ષના સૂત્રોએ સ્વીકાર્યું છે.

મળતી વિગતો મુજબ શિક્ષણ ઉપકરની જંગી રકમમાંથી ગ્રાન્ટ પરત લેવાના મુદ્દે પણ વિપક્ષ હલ્લાબોલ કરે તેવી શક્યતાઓ છે. શહેરમાં સ્વચ્છતાના મુદ્દે ખાસ કરીને એર પોલ્યુએશનને લઈ પણ વિપક્ષ દ્વારા રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. લેન્ડફિલ્ડ ડેવલપમેન્ટ માટે તંત્રના ઉદાસીન વલણ અંગે પણ આકરી ટીકાઓ વિપક્ષ દ્વારા કરાશે તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ ભાજપ પણ આ બેઠકમાં વિકાસની દિશામાં લેવાયેલા પગલાંઓનો ઉલ્લેખ કરી વેરાનું ભારણ પ્રજા પર લાદવામાં આવ્યુ નથી તેથી સર્વાનુમતે બજેટ પસાર કરવાનું દબાણ વિપક્ષ પર લાવે તેવી રણનીતિ તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આજની બેઠકમાં બન્ને પક્ષો દ્વારા થનારી રજુઆતોને લઈ લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. રાજકીય વર્તુળો પણ આ બેઠક પર નજર માંડીને બેઠા છે.



સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારના ઉદ્યોગપતિઓની લાંબા સમયથી પડતર માગણીનો અંતે નિકાલ આવ્યો છે અને કેટલાય સમયથી આ વિસ્તારમાં નાદુરસ્ત હાલતમાં પડી રહેલા માર્ગને દુરસ્ત કરવાની કામગીરીનો તંત્ર દ્વારા આરંભ કરવામાં આવ્યો છે.

# બોર્ડની પરીક્ષાઓ પહેલાં શાળાઓને સી સી કેમેરાથી સજ્જ રાખવા આદેશ

## માણસા તાલુકાની ચાર શાળામાં સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા નથી

ગાંધીનગર તા ૧૪

આગામી મહીનામાં લેવાનારી ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પરીક્ષાલક્ષી આયોજન અન્વયે જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. પરીક્ષા દરમિયાન દરેક શાળામાં સી સી ટી વી કેમેરાની વોચ ફરજિયાત રહે તે માટે શાળાને સુચના આપી દેવાઈ છે. જયારે બાકી રહેતી શાળાઓને પણ સુચના આપી દેવાઈ છે. માણસા તાલુકાની ચાર શાળાઓમાં સી સી ટી વી કેમેરાની વ્યવસ્થાનો અભાવ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

આગામી મહીનામાં ધોરણ -૧૦ અને ૧૨ ની બાર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે પરીક્ષાના શાંતિપુર્ણ અને સફળ આયોજન માટે શિક્ષણ બોર્ડ તેમજ શિક્ષણ તંત્ર દ્વારા પુર્વતૈયારીઓ હાથ ધરવામાં આવી છે. બાર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ જરૂરી પરીબળોને યોગ્ય કરવાની દિશામાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. એકબાજુ બાર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સાહનુ મોજુ પ્રવર્તયુ છે. પરીક્ષાની તારીખ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ

(અનુ. સાતમા પાને)

# સ્માર્ટ સીટી માટે હજુ સુધી ૧૩,૬૪૦ સૂચનો મળ્યાં છે

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે ૬૭ હજાર ચો.મી. જગ્યાની માંગ સરકાર સમક્ષ કરવામાં આવી છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરને સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવવા માટે ત્રીજા તબક્કાની કામગીરી હાથ ધરાઈ છે અને અત્યાર સુધીમાં ૧૩,૬૪૦ સૂચનો તે માટે મેળવવામાં આવ્યા છે. ડીસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ, કો. ઓર્ડિનેશન અને મોનીટરીંગ સમિતિની આજે મળેલ બેઠકમાં આ વિગતો આપવામાં આવી હતી.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછા ૨૦ હજાર જેટલા સૂચનો મેળવવાના હોય છે પરંતુ તંત્ર દ્વારા હજુ આ આંકને પહોંચી શકાયુ નથી. આ માટે સમિતિની બેઠકમાં ચર્ચા છેડાય તે પૂર્વે જ નાયબ મ્યુનિ. કમિશનર બારૈયાએ પાણી પહેલાં પાળ બાંધતા જણાવ્યુ હતુ કે ૨૮-૨-૨૦૧૬ આ માટેની આખરી તારીખ છે અને સૂચનો મેળવવાની કાર્યવાહી હાલ ગતિમાં છે તે મેળવી લેવાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઈ જશે તેવી હૈયાધારણ આપી ચર્ચા છેડાતી જ અટકાવી દીધી હતી.

તેમણે એવુ જણાવ્યું હતુ કે ૧૬૪૦ જેટલા સૂચનો ઓનલાઈન મેવવામાં આવ્યા છે અને ૧૨ હજાર જેટલા સૂચનો ઓફલાઈન મેળવવામાં આવ્યા છે. મળેલા આ સૂચનોની તારવણી હાલ ચાલુ હોવાનો પણ તેમણે સંકેત આપ્યો હતો. જો કે મનપા દ્વારા આ માટે ખુબ મોટી સંખ્યામાં સૂચનો મેળવવામાં આવશે તેવુ ગાઈ-વગાડીને જાહેરાતો કરાઈ હતી પરંતુ વાસ્તવિકતા આજે દિશાની બેઠકમાં સામે આવી હતી.

આજની આ બેઠકમાં સ્વચ્છતા સર્વેક્ષણની વિગતો પણ રજુ કરાઈ હતી. આ બેઠકમાં એવી પણ વિગતો રજુ કરાઈ હતી કે પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે ડિમાન્ડ સર્વે કરવામાં આવ્યો છે જેમાં ૨૫૧૭ ફોર્મ મળ્યા છે અને ૬૭ હજાર ચો.મી. જેટલી જમીનની માંગણી સરકાર સમક્ષ કરવામાં આવી છે.

આ વખતના મનપાના બાજેટમાં પણ આ અંગેની જોગવાઈ કરવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

# સે-૨ બી માં ઉનાળાના આગમન પૂર્વે જ પાણીની સમસ્યાથી રહીશોમાં કકળાટ

ગાંધીનગર તા ૧૪

શહેરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી સમયાંતરે પાણીની પોકાર ઉઠવા પામે છે. ગત સપ્તાહમાં સે-૩ માં પાણી ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો હતો. જયારે સે-૨ બી માં પણ ફોર્સથી પાણી ન આવતા નાગરિકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સેકટરમાં પાણીના સપ્લાયનો સમય વધારી ફોર્સથી પાણી પુરવઠો પુરો પાડવા માટે રહીશોએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. શેહરમાં ઉનાળાના આગમન પુર્વે નવા સેકટરોમાં પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે. જેમાં નવા સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી છાશવારે પાણીનો ફોર્સ ઘટી જતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ગત સપ્તાહમાં સે-૩ માં પાણી ફાર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો હતો. જયારે છેલ્લા કેટલાક દિવસોથી સે-૨ બીમાં પણ પાણી ફોર્સથી ન આવતા નાગરિકોમાં આક્રોશ પ્રવર્તયો છે. ઉનાળાના આગમન પુર્વેજ શહેરના નવ વિકસિત વિસ્તારમાં પાણીની પોકાર ઉઠવા માંડી છે. સે-૨ બીમાં છેલ્લા ઘણાં સમયથી પ્લોટનં-૧૩૦૦ અને ૧૪૦૦ ની સીરીઝમાં પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાની રજુઆત સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવી છે. જયારે પાણીના ફોર્સની સાથે સપ્લાયનો સમય પણ વધારવા સેકટરવાસીઓએ માંગણી કરી છે. વર્ષોપુર્વે પાણીના સપ્લાય મામલે નવી વિતરણ વ્યવસ્થા ગોઠવાયા બાદ અને સે-૫માં નવીન ટાંકીનુ નિર્માણ કરાયા બાદ પાણીનો પ્રશ્ન હલ થઈ ગયો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી નવા સેકટરોમાં પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો વધી છે. સ્થાનિક રહીશો દ્વારા તંત્ર કક્ષાએથી યોગ્ય પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

# ભયજનક આવાસોનો તાગ મેળવવા સર્વે હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૪

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસોની સંખ્યા વિશેષ છે. જો કે નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ હાલ સરકારી આવાસોની ઘટ પ્રવર્તી રહી છે. ત્યારબાદ તબક્કાવાર નિકાલ હેઠળના મકાનો ઉપરાંત અન્ય પણ ભયજનક માલુમ પડતા આવાસો પણ તોડવા માટેનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. હાલ પણ શહેરમાં રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોય તેવા મકાનોની સંખ્યા વિશેષ છે. ત્યારે વિભાગ દ્વારા આવા મકાનોનો કડુસલો બોલાવી દેવાય છે. આ મામલે હજુ પણ સેકટરોમાં ભયજનક હોય તેવા આવાસોનો સર્વે હાથ ધરવામાં આવશે.

શહેરમાં વર્ષો જુના સરકારી આવસો હાલ સમય જતા ખંડેર બન્યા છે. જાળવણીના અભાવે ખંડેર બનેલા મોટાભાગના મકાનો હાલ રહેણાંકને લાયક ન હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. અગાઉ દાયકા પુર્વે નિકાલ હેઠળના જાહેર કરાયેલા મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ આ જગ્યાએ નવી ટાવર કોલોની નિર્માણ કરવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આ આગામી જુલાઈ મહીનામાં આ

(અનુ. સાતમા પાને)

# નલિયા કાંડમાં ડઝન જેટલા સીડીના પુરાવા છે : શંકરસિંહ



ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ નલિયા દુષ્કર્મ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારની ચાલ, ચારિત્ર્ય અને ચહેરા ખુલ્લા પડી ગયા છે. સત્તાના નશામાં સુંદરી, શબાબ અને કબાબના શોખીનો અને કબાબમાં કોઈ હડ્ડી ન બને તેની પુરી ચિંતા કરવાવાળી આ ભાજપ પાર્ટીએ બહેન, દીકરીઓની આબરૂને લીલામ કરવા માટે પક્ષના નામથી પણ મર્યાદા રાખી નથી. સ્વાભાવિક છે કે, જે પક્ષના નેતા દેશના સર્વોચ્ચ સિંહાસન ઉપર બેઠા હોય અને એમની પણ ચાલ, ચારિત્ર્ય અને ચહેરો વાંકોચુંકો અને કલંકોથી ખરડાયેલો હોય, જેમણે બહેન દીકરીઓની આબરૂ લેવામાં પાછી પાની ન કરી હોય, આવા કુસંસ્કારો ભાજપ પાર્ટીના કાર્યકર્તાઓમાં પણ ઉતર્યા છે. ભાજપે કચ્છને ટુરિઝમના નામે દુષ્કર્મોનું હબ બનાવ્યું છે. નલિયા સેક્સકાંડનું ષડયંત્ર છેલ્લા એક વર્ષથી ચાલતુ હતું તેમાં ભાજપના પ્રધાનો, પૂર્વ અને વર્તમાન ધારાસભ્યો, સંસદસભ્યો, નગરપાલિકા સેવકો, મોટા આગેવાનો સામેલ હતા તેવું જાણવા મળે છે.

# નલિયા કાંડ સંદર્ભે નક્કર પુરાવા રજૂ કરવા કોંગ્રેસને પડકાર

## નલિયા દુષ્કર્મ કાંડના કોઇપણ શખ્સને છોડશે નહીં : નીતિન પટેલ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આજે જણાવ્યું હતું કે, નલિયા દુષ્કર્મ મામલામાં ગંભીરતાપૂર્વક રાજ્ય સરકાર તપાસ કરી રહી છે. વિપક્ષ પાસે કોઈ પુરાવા હોય તો તે રજૂ કરે તેવો પડકાર પણ કોંગ્રેસને ફેંકવામાં આવ્યો છે. નીતિન પટેલે ખાતરી આપતા કહ્યું હતું કે, નલિયા સામૂહિક દુષ્કર્મ કાંડમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. પ્રથમ દિવસથી જ ઘટનાની ગંભીરતાથી ન્યાયિક તપાસ ચાલી રહી છે અને ધરપકડનો દોર જારી છે. તેમણે જણાવ્યું છે કે, નલિયા દુષ્કર્મને રાજય સરકારે અત્યંત ગંભીરતાથી લીધુ છે અને ઘટના



બન્યાના દિવસથી જ ન્યાયીક તપાસ યુદ્ધના ધોરણે ચાલી રહી છે અને સમાયાનુસાર ઘટનાઓમાં સંડોવાયેલા લોકોની ધરપકડો પણ કરવામાં આવી રહી છે. ત્યારે વિવિધ સંગઠનો અને વિપક્ષ કોંગ્રેસ દ્વારા જે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. તે બેબુનીયાદ અને પાયાવિહોણા છે. વિપક્ષના નેતાઓ દ્વારા નલિયા દુષ્કર્મ સંદર્ભે આજે કરાયેલા ગંભીર આક્ષેપો સંદર્ભે પ્રતિક્રિયા આપતા નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વિપક્ષના નેતા પાસે ઘટના સંદર્ભે જો કોઈ નક્કર પુરાવા હોય તો રજુ કરે રાજય સરકારની એમને ખુલ્લી ચેલેન્જ છે. કે કોઈપણ વ્યક્તિ હશે એને રાજય સરકાર છોડશે નહી અને પુરાવાઓની ગંભીરતા પૂર્વક તપાસ પણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, નલિયાની ઘટના એ અત્યંત નિંદનીય અને ખુબ જ દુ:ખદ છે ત્યારે વિપક્ષ દ્વારા ઘટનાને રાજકીય સ્વરૂપ આપીને જે રાજનીતિ કરવામાં આવી રહી છે. તેને રાજયની પ્રજા ખુબ જ સારી રીતે જાણે છે. ઘટનાને રાજયકીય રૂપ આપી રાજય સરકારને બદનામ કરવાનો હીન પ્રયાસ આજે કોંગ્રેસના નેતા દ્વારા કરાયો છે. તે અત્યંત ખેદજનક છે.

## બેસણું



મારા ધર્મપત્ની **સૌ. હંસા જિતેન્દ્ર દવે** તા. ૧૨/૨/૨૦૧૭ ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૧૬/૨/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સવારના ૯ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ચૌધરી સ્કુલ સામે, ગાંધીનગર

**જિતેન્દ્ર ધનસુખરામ દવે**

નિવૃત્ત સંયુક્ત સચિવ, નાણાં વિભાગ, સચિવાલય

| | |
|---|---|
| રાકેશ જિતેન્દ્ર દવે (NIFT) | બિન્દી રાકેશ દવે |
| નિમિષ જિતેન્દ્ર દવે (NIRMA Uni.) | ઉર્વશી નિમિષ દવે |
| પારૂલ નલીન ત્રિવેદી | નલીન કે. ત્રિવેદી |
| દિપ્તી રાજેશ દવે | રાજેશ એમ. દવે |
| હિમાદ્રી વિરેન વ્યાસ | વિરેન જે. વ્યાસ |

તનુજ ● વિશ્વા ● પરિસા ● ઈશિતા ● નિલય ● આદિત્ય ● આર્યા

## જાહેર ખુલાસો

આથી જાહેર જનતાને (વિદ્યાર્થી) જણાવીએ છી કે, તા. ૮-૯-૧૦-૧૧ ડીસેમ્બર ૨૦૧૬ના ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયેલ બોર્ડ ઓફ હાયર સેકન્ડરી એજ્યુકેશન દિલ્હીના નામેની જાહેરખબર સાથે અમારા બોર્ડને કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. જેની દરેક વિદ્યાર્થી - વાલીઓએ નોંધ લેવી.

**આપનો વિશ્વાસુ**

**ડો. એ. કુમાર લાખાણી**

સચિવ, બોર્ડ ઓફ હાયર એજ્યુકેશન, દિલ્હી

સરનામું : WZ-A-1/1, ૩જો માળ, બુદેલા માર્કેટ, વિકાસપુરી,નવી દિલ્હી-૧૧૦૦૧૮.

www.bhsedelhiboard.net

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com